ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/ ૦૨
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા. ૩૧/૦૧/૨૦૧૩.

// પરિપત્ર //

વિષય: નિગમની જુદી જુદી વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક, વાણિજ્ય, રહેણાંક કે અન્ય મિલ્કતોના પેટા વિભાજન માટેની નીતિમાં અંશત: સુધારા બાબત.

સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૧(૧૦)/૪૩, તા. ૦૩/૧૦/૨૦૧૨.
(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ વિતરણ/પોલીસી/ ૧(૧૦)/૪૭, તા. ૦૧/૧૧/૨૦૧૨.

નિગમ ધ્વારા જારી કરવામાં આવેલ ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્ર ક્રમાંક (૧) તા. ૦૩/૧૦/૨૦૧૨ ના પેટા વિભાજન અંગેના પરિપત્રમાં ઔદ્યોગિક પ્લોટના પેટા વિભાજનને લગતી પેટા વિભાજનની લઘુત્તમ જરૂરિયાત અંગે નિગમની ૪૬૯ મી સભામાં રજૂ કરવામાં આવેલ કાર્યસૂચિ ઉપર ઠરાવ ક્રમાંક : ૭/વિતરણ/૪૬૯/૨૦૧૩ થી નીચે મુજબનો સુધારો સૂચવવામાં આવેલ.

(૧) ઔદ્યોગિક પ્લોટ માટેના પેટા વિભાજનની શરતો મુજબ ૫૦૦૦ ચો.મી. કરતા ઓછા વિસ્તારના પેટા વિભાજનની શરતમાં પ્લોટના પેટા વિભાજન પેટે લઘુત્તમ ૧૦૦૦ ચો.મી. તથા તેનાથી ઉપરના પ્લોટને મંજૂરી આપવાનું દર્શાવેલ હતુ. તેમાં સુધારો કરી પેટા વિભાજન પેટે લઘુત્તમ જરૂરિયાત ૫૦૦ ચો.મી. અથવા તેનાથી ઉપરના પ્લોટને પેટા વિભાજન માટે મંજૂર કરી શકાશે તે મુજબ નિગમની સભા ધ્વારા મંજૂરી આપવામાં આવી.

(૨) તા. ૦૩/૧૦/૨૦૧૨ ના ઉપરોક્ત પેટા વિભાજનના નીતિ વિષયક પરિપત્રની લઘુત્તમ ૫૦૦૦ ચો.મી.ના ઔદ્યોગિક પ્લોટના પેટા વિભાજન પૂરતો અંશત: સુધારો ઉપરોક્ત (૧) મુજબ કરેલ છે તથા ૫૦૦૦ ચો.મી.થી ઉપરના પ્લોટ માટે આ સિવાયની અન્ય તમામ શરતો તથા જોગવાઈઓ પરિપત્ર મુજબ યથાવત રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત પરિપત્ર ઉપર નિર્ણયની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. આથી, આ પ્રકારની દરખાસ્ત વડી કચેરીની મંજૂરીને આધીન અમલમાં ગણાશે. જેની નોંધ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીઓએ લઈને તેની જાણ કરતો પત્ર કાર્યપાલક નિયામકશ્રીને પાઠવવાનો રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
નકલ જય ભારત સાથે રવાના :

⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.....તરફ જાણ સારૂં.
⇒ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓ....... તરફ જાણ સારૂં.
⇒ મેનેજરશ્રી (એસ.એન્ડએ.).....તરફ નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

રવાના કર્યું.
N. Pathak